# આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય

## આણંદ-૩૮૮ ૧૧૦

શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓને કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત પગાર બાંધણી કરવા બાબત...

વંચાણે લીધાઃ ૧. ઉપસચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ ગકવ-૨૦૦૫-૫૩૦-પાર્ટ-૩-ક-૨, તા.૩૧/૦૫/૨૦૧૩.

૨. સંયુકત સચિવશ્રી (કૃષિ યુનિ.), કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ ACD-KPO/e-file/2 2022/1337/K-2 Section- Agri.Uni., Dt.25/07/2024.

# પ રિ પ ત્ર

વંચાણે લીધેલ ક્રમ-૧ના ઠરાવમાં થયેલ જોગવાઇ મુજબ કેરીયર એડવાન્સમેન્ટ યોજના હેઠળ રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીઓના શૈક્ષણિક સંવર્ગના મહેકમ માટેની કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ લાગુ પડી ત્યારથી ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ના નિયમ-૧૩ મુજબ અને યથાપ્રસંગ તે પહેલાના પ્રવર્તમાન અનુરૂપ નિયમો મુજબ જ પગાર બાંધણી કરવાની થાય છે.

આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકના તમામ કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે, ઉકત વંચાણે લીધેલ ક્રમ-૨ના ઠરાવથી સાતમાં પગાર પંચ મુજબ કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમનો અમલ તા.૦૧/૦૧/૨૦૧૬થી કરવાનો રહે છે. સદર ઠરાવ વંચાણે લઇ આપના તાબા હેઠળના શિક્ષક સંવર્ગમાં ફરજ બજાવતાં કર્મચારીઓને તા.૦૧/૦૧/૨૦૧૬ બાદ કેરીયર એડવાન્સમેન્ટ યોજના હેઠળના સ્ટેજ-૨, સ્ટેજ-૩, સ્ટેજ-૪ અને સ્ટેજ-૫ મંજુર કરવામાં આવેલ છે. તેવા તમામ કર્મચારીઓની પગાર બાંધણી ઉકત ફકરા (૧)ની વિગતે ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ના નિયમ-૧૩ મુજબ કરવાની થાય છે. તો તે મુજબ પગાર બાંધણીની દરખાસ્તો નીચે સહી કરનારને રજુ કરવાની રહેશે. તથા જે શૈક્ષણિક કર્મચારીઓના પગારબાંધણીના આદેશો ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ના નિયમ-૧૩ મુજબ થયેલ ન હોય તેવા તમામ કેસોમાં પુનઃ પગાર બાંધણીની દરખાસ્તો રજુ કરવાની રહેશે.

પાછળ......

જે કચેરીઓએ અત્રેની કચેરી ખાતે પગાર બાંધણીની દરખાસ્ત રજુ કરેલ છે, તેઓએ તેમની કચેરી ખાતે પગારબાંધણીની કામ કરતાં કર્મચારીએ પગાર મુકરરના પત્રકો રૂબરૂ અત્રેની કચેરી ખાતે તપાસી, જરૂર જણાયે પુનઃ દરખાસ્ત સુધારણા માટે કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

વધુમાં તમામ યુનિટ વડાશ્રીઓને જણાવવાનું કે, આપના તાબા હેઠળના કોઇ શૈક્ષણિક કર્મચારીની પગાર બાંધણી ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ના નિયમ-૧૩ મુજબ નહી થવાના કારણે કોઇ ઓડીટ પ્રશ્ન, કાયદાકીય પ્રશ્ન કે વહીવટી પ્રશ્ન ઉપસ્થિત ન થાય તેની તકેદારી રાખવા સુચના આપવામાં આવે છે.

આ પરિપત્ર યુનિવર્સિટીના કામકાજના હિતમાં માન. કુલપતિશ્રીની મંજુરી મેળવી જારી કરવામાં આવે છે.

જા.નં.આકૃયુ/રજી/એડીએમ-૧/ ૬૫૦ /૨૦૨૫ (ગૌતમ આર. પટેલ)
તા.૨૭/૦૧/૨૦૨૫ કુલસચિવ

<u>નકલ રવાના પ્રતિ</u> :

૧. આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ.. .... આ સાથે CAS હેઠળની પગાર બાંધણી કરવા અંગેનું દરખાસ્ત પત્રક સામેલ છે.

૨. નિયામકશ્રી, ઇન્ફો. ટેકનોલોજી, આ.કૃ.યુ., આણંદ તરફ સદર પરિપત્ર વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.

# આણંદ કૃષિ યુનિવર્સિટી

## આણંદ

**કેરીયર એડવાન્સમેન્ટ યોજના હેઠળ સ્ટેજ-૨ (લેવલ-૧૧) / સ્ટેજ-3 (લેવલ-૧૨) / સ્ટેજ-૪ (લેવલ-૧૩-એ / સ્ટેજ-૫ (લેવલ-૧૪)માં પગાર મુકરર કરવા માટેની દરખાસ્ત**

| | | | |
|---|---|---|---|
| ૧ | કર્મચારીનું નામ, હોદ્દો અને હાલની કચેરી | : | |
| ૨ | CAS હેઠળ મળેલ સ્ટેજ- ૨ /3 /૪/ ૫ અને પગારધોરણ /પે મેટ્રીક્ષ લેવલ | : | |
| 3 | જે હુકમથી ક્રમ-૨ મુજબ CASનો લાભ આપેલ છે તે કાર્યાલય આદેશ નંબર અને તારીખ (પ્રમાણિત નકલ સામેલ કરવી) | : | |
| ૪ | CAS હેઠળ સ્ટેજ- ૨ /3 /૪/ ૫ માં મુક્યા તારીખ અને સ્વીકાર્યા તારીખ<br>(સ્વીકૃતિ પત્ર અને બાંહેધરી સામેલ રાખવી) | : | |
| ૫ | CAS મળ્યા તારીખ પહેલા જે જગ્યા ઉપર કામ કરતા હોય તે જગ્યાનું નામ, આખુ પગાર ધોરણ, તારીખ અને તે તારીખે મળતો મુળ પગાર | : | |
| ૬ | GCSR (Pay Rules)-2002ના નિયમ-૧૩ મુજબ નકકી થતો પગારઃ<br>અ. CASની જગ્યાના પગારધોરણમાં આવતું નીચેનું સ્ટેજ + CAS પહેલાંનો મુળ પગાર વચ્ચેનો તફાવત અંગત પગાર (નિયમ-૧૩-ખ)<br>બ. CAS ના પગાર ધોરણમાં આવતો ઓછામાં ઓછો પગાર (નિયમ-૧૩-ઘ) | : | |
| ૭ | જુના પગાર ધોરણની ઇજાફાની તારીખ અને નવા પગાર ધોરણમાં ઇજાફાની તારીખ જે પહેલાં આવતી હોય તે (નિયમ-૧૩-ગ) | : | |
| ૮ | ઉપરોકત માહિતી સર્વિસ રેકર્ડ સાથે ચકાસેલ છે અને સાચી છે તે બદલની દરખાસ્ત કરનાર કચેરી વડાની સહી. | : | |

| | |
|---|---|
| સ્ટેજ -૧ થી સ્ટેજ-૨ | |
| ૧ | સ્ટેજ-૧ પે મેટ્રીક્ષ રૂ.૫૭૭૦૦-૧૮૨૪૦૦ માં તા.૧૨.૩.૨૦૨૨ના રોજ રૂ. ૭૦૯૦૦/- મૂળ પગાર મેળવતા હોય તો તેમનો પગાર પે મેટ્રીક્ષ સ્ટેજ-૨ ૬૮૯૦૦-૨૦૫૫૦૦ મા પગાર નક્કી કરવા માટે<br>પે મેટ્રીક્ષ લેવલ ૧૧મા રૂ.૭૦૯૦૦/-નુ સ્ટેજ આવતું ન હોવાથી<br>રૂ.૬૮૯૦૦ પગાર<br>+૨૦૦૦ અંગત પગાર<br>૭૦૯૦૦ પગાર તા.૧૩.૩.૨૦૨૨ એ નક્કી કરી ત્યારબાદ ઇજાફાની તારીખ ૧.૭.૨૦૨૨ થશે. |
| ૨ | સ્ટેજ-૧ પે મેટ્રીક્ષ રૂ.૫૭૭૦૦-૧૮૨૪૦૦ માં તા.૨૧.૮.૨૦૨૨ના રોજ રૂ. ૭૦૯૦૦/- મૂળ પગાર મેળવતા હોય તો તેમનો પગાર પે મેટ્રીક્ષ સ્ટેજ-૨ ૬૮૯૦૦-૨૦૫૫૦૦ મા પગાર નક્કી કરવા માટે<br>પે મેટ્રીક્ષ લેવલ ૧૧મા રૂ.૭૦૯૦૦/-નુ સ્ટેજ આવતું ન હોવાથી<br>રૂ.૬૮૯૦૦ પગાર<br>+૨૦૦૦ અંગત પગાર<br>૭૦૯૦૦ પગાર તા.૨૨.૮.૨૦૨૨એ નક્કી કરી ત્યારબાદ ઇજાફાની તારીખ ૧.૭.૨૦૨૩ થશે. |
| 3 | સ્ટેજ-૧ પે મેટ્રીક્ષ રૂ.૫૭૭૦૦-૧૮૨૪૦૦ માં તા.૪.૯.૨૦૨૪ના રોજ રૂ. ૭૩૦૦૦/- મૂળ પગાર મેળવતા હોય તો તેમનો પગાર પે મેટ્રીક્ષ સ્ટેજ-૨ ૬૮૯૦૦-૨૦૫૫૦૦ મા પગાર નક્કી કરવા માટે<br>પે મેટ્રીક્ષ લેવલ ૧૧મા રૂ.૭૩૦૦૦/-નુ સ્ટેજ આવતું ન હોવાથી<br>રૂ.૭૧૦૦૦ પગાર<br>+૨૦૦૦ અંગત પગાર<br>૭૩૦૦૦ /-પગાર તા.૫.૯.૨૦૨૪ એ નક્કી કરી ત્યારબાદ ઇજાફાની તારીખ ૧.૭.૨૦૨૫ થશે. |
| સ્ટેજ -૨ થી સ્ટેજ-3 | |
| ૧ | સ્ટેજ-૨ પે મેટ્રીક્ષ રૂ.૬૮૯૦૦-૨૦૫૫૦૦ માં તા.૧૨.૩.૨૦૨૨ના રોજ રૂ. ૭૯૯૦૦/- મૂળ પગાર મેળવતા હોય તો તેમનો પગાર સ્ટેજ-3પે મેટ્રીક્ષ ૭૮૯૦૦-૨૧૧૫૦૦ મા પગાર નક્કી કરવા માટે<br>પે મેટ્રીક્ષ લેવલ ૧૨મા રૂ.૭૯૯૦૦/-નુ સ્ટેજ આવતું ન હોવાથી<br>રૂ.૭૯૮૦૦ પગાર<br>+૧૦૦ અંગત પગાર<br>૭૯૯૦૦ /-પગાર તા.૧૩.૩.૨૦૨૨ એ નક્કી કરી ત્યારબાદ ઇજાફાની તારીખ ૧.૭.૨૦૨૨ થશે. |
| ૨ | સ્ટેજ-૨ પે મેટ્રીક્ષ રૂ.૬૮૯૦૦-૨૦૫૫૦૦ માં તા.૧૨.૬.૨૦૧૯ના રોજ રૂ. ૮૯૯૦૦/- મૂળ પગાર મેળવતા હોય તો તેમનો પગાર સ્ટેજ-3પે મેટ્રીક્ષ ૭૮૯૦૦-૨૧૧૫૦૦ મા પગાર નક્કી કરવા માટે<br>પે મેટ્રીક્ષ લેવલ ૧૨મા રૂ.૮૯૯૦૦/-નુ સ્ટેજ આવતું ન હોવાથી<br>રૂ.૮૯૮૦૦ પગાર<br>+૧૦૦ અંગત પગાર<br>૮૯૯૦૦ /-પગાર તા.૧૩.૬.૨૦૧૯ એ નક્કી કરી ત્યારબાદ ઇજાફાની તારીખ ૧.૭.૨૦૧૯ થશે. |
| 3 | સ્ટેજ-૨ પે મેટ્રીક્ષ રૂ.૬૮૯૦૦-૨૦૫૫૦૦ માં તા.૧૧.૮.૨૦૨૪ના રોજ રૂ. ૮૯૯૦૦/- મૂળ પગાર મેળવતા હોય તો તેમનો પગાર સ્ટેજ-3પે મેટ્રીક્ષ ૭૮૯૦૦-૨૧૧૫૦૦ મા પગાર નક્કી કરવા માટે<br>પે મેટ્રીક્ષ લેવલ ૧૨મા રૂ.૮૯૯૦૦/-નુ સ્ટેજ આવતું ન હોવાથી<br>રૂ.૮૯૮૦૦ પગાર<br>+૧૦૦ અંગત પગાર<br>૮૯૯૦૦ /-પગાર તા.૧૨.૮.૨૦૨૪ એ નક્કી કરી ત્યારબાદ ઇજાફાની તારીખ ૧.૭.૨૦૨૫ થશે. |